## સોનમ કપૂર અને તેના પતિ આનંદ આહુજાએ તેમના બીજા પુત્રનું નામ રુદ્રલોક રાખ્યું



મુંબઈ: તા. 10 : સોનમ કપૂર અને તેના પતિ આનંદ આહુજાએ તેમના બીજા પુત્રનું નામ રુદ્રલોક રાખ્યું છે. શનિવારે સોનમે ઇન્સ્ટાગ્રામ પર નવજાત શિશુ માટે એક હૃદયસ્પર્શી નોંધ લખી હતી. તેણીએ પરિવારના કેટલાક ફોટા પણ શેર કર્યા હતા, જેમાં રુદ્રલોકની એક ઝલક જોવા મળી હતી. સોનમે લખ્યું, "એ દૈવી શક્તિના સાનિધ્યમાં જેણે ફરી એકવાર અમારા જીવનને બદલી નાખ્યું છે. એકાદશીના પવિત્ર દિવસે વિષ્ણુની કૃપા હેઠળ જન્મેલ અમારો બીજો પુત્ર એક સંકેત, કાર્મિક જોડાણ, તેના ભાઈ સાથેની દૈવી જોડી અને એક આશીર્વાદ સમાન લાગે છે જેને અમે ઊંડાણપૂર્વક સન્માનિત કરીએ છીએ. પ્રેમ અને કૃતજ્ઞતા સાથે અમે રુદ્રલોક કપૂર આહુજાનું સ્વાગત કરીએ છીએ."

## દિશા પટણી 'ધ પોર્ટલ ઓફ ફોર્સ' સાથે હોલીવુડમાં ડેબ્યૂ કરશે, ફિલ્મનું ટ્રેલર લોન્ચ



મુંબઈ, તા. 10 : અભિનેત્રી દિશા પટણી આગામી સુપરનેચરલ એક્શન-થ્રિલર ફિલ્મ 'ધ પોર્ટલ ઓફ ફોર્સ' દ્વારા હોલીવુડમાં પદાર્પણ કરવા માટે તૈયાર છે. આ ફિલ્મનું ટ્રેલર શુક્રવારે રિલીઝ કરવામાં આવ્યું હતું. ફિલ્મમાં કેવિન સ્પેસી, ટાયરેસ ગિબ્સન અને ડોલ્ફ લંડગ્રેન પણ મુખ્ય ભૂમિકામાં છે. આ પ્રોજેક્ટ 'સ્ટેટિગાર્ડ્સ વિરુદ્ધ હોલિગાર્ડ્સ સાગા'નો પ્રથમ ભાગ છે, જે લાડો ઓખોટનિકોવ દ્વારા બનાવવામાં આવેલ એક નવું સિનેમેટિક યુનિવર્સ છે. ટ્રેલરમાં, દિશા જેસિકા તરીકે જોવા મળે છે, જે બે પ્રાચીન જૂથો - સ્ટેટિગાર્ડ્સ અને હોલિગાર્ડ્સ વચ્ચે ફસાયેલું એક મુખ્ય પાત્ર છે. વાર્તા આ બે જૂથો વચ્ચેના લાંબા સમયથી ચાલતા સંઘર્ષની આસપાસ ફરે છે, જેમાં જેસિકાને 'ધ ચોઝન વન' (પસંદ કરાયેલ વ્યક્તિ) તરીકે દર્શાવવામાં આવી છે.

## રશ્મિકા મંદાનાએ વિજય દેવરકોંડાના જન્મદિવસની કેટલીક ખાસ ક્ષણો શેર કરી



ચેન્નાઈ, તા. 10 _ અભિનેત્રી રશ્મિકા મંદાનાએ તેના પતિ, અભિનેતા વિજય દેવરકોંડાના જન્મદિવસની ઉજવણીની કેટલીક ખાસ ઝલક ચાહકોને શેર કરી હતી. તેણે ઇન્સ્ટાગ્રામ પર આ દિવસના ફોટા અને વીડિયોની હારમાળા સાથે એક રમુજી અને વિગતવાર નોંધ શેર કરી છે. જીમ સેશન અને ફેમિલી ટાઇમથી લઈને ઘરની બહાર ચાહકો સાથેની ક્ષણો સુધી, તેની આ પોસ્ટ તે દિવસ કેવી રીતે પસાર થયો તેનું સંપૂર્ણ ચિત્ર રજૂ કરે છે. આને એક 'પરફેક્ટ ડે' ગણાવતાં રશ્મિકાએ લખ્યું કે, આ ઉજવણી લગભગ ઊલટી રીતે ચાલી હતી, જેનો અંત મિત્રના ઘરે મુલાકાત સાથે થયો હતો. આ આખો દિવસ વર્કઆઉટ, મીટિંગ્સ અને વિજયને શુભેચ્છા પાઠવવા આવેલા પ્રિયજનો સાથે વિતાવ્યો હતો.

## નોરા ફતેહીએ ફિફા વર્લ્ડ કપ 2026ના ઉદ્ઘાટન સમારોહને ગજવવા માટે તૈયારી શરૂ કરી



ટોરોન્ટો, તા. 10 : અભિનેત્રી અને પર્ફોર્મર નોરા ફતેહી ફરી એકવાર વૈશ્વિક મંચ પર જવા માટે તૈયાર છે. તે કેનેડામાં ફિફા વર્લ્ડ કપ 2026ના ઉદ્ઘાટન સમારોહમાં પરફોર્મ કરવા અને ગાવા માટે તૈયાર છે. એમ આયોજકોએ શનિવારે પુષ્ટિ કરી હતી. આ સમારોહ 12 જૂનના રોજ ટોરોન્ટોના બીએમઓ ફિલ્ડ ખાતે યોજાશે, જે અભિનેત્રી માટે વધુ એક હાઈ-પ્રોફાઈલ ફિફા દેખાવ હશે. નોરાએ અગાઉ ટુર્નામેન્ટની કતાર એડિશન દરમિયાન પરફોર્મ કર્યું હતું, જ્યાં તેણે ફેન ફેસ્ટમાં સ્ટેજ ગજવ્યું હતું. આ જાહેરાત સાથે નોરા એલેનિસ મોરિસેટ, એલેસિયા કારા, એલિયાના, જેસી રેયેઝ, માઈકલ બબલે, સંજોય, વેજેડ્રીમ અને વિલિયમ પ્રિન્સ જેવા વિવિધ કેનેડિયન કલાકારોની લાઇન-અપમાં જોડાઈ છે.





# હંટાવાયરસગ્રસ્ત ક્રૂઝ શીપ ખાલી કરાવવાની કામગીરી શરૂ

**સ્પેનના** ટેનેરિફ ટાપુ પર આ જહાજને થોભાવીને મુસાફરોને બહાર કાઢવાનું શરૂ કરાયું

**વિવિધ** દેશો પોતાના વિમાનો મોકલીને પોતાના નાગરિકોને સ્વદેશ લઇ જઇ રહ્યા છે

**જે તે** દેશમાં લઇ જઇને મુસાફરોને ચોક્કસ સમય ક્વોરેન્ટાઇનમાં રખાશે

ટેનેરીફ (સ્પેન), તા. ૧૦(AP): હન્ટાવાયરસથી અસરગ્રસ્ત ક્રૂઝ શિપમાંથી બહાર કાઢવામાં આવેલા મુસાફરોને લઈને પ્રથમ વિમાન રવિવારે સ્પેનના કેનરી આઈલેન્ડ્સના ટેનેરીફથી મેડ્રિડ જવા રવાના થયું હતું, જ્યાં તેઓને લશ્કરી હોસ્પિટલમાં લઈ જવામાં આવશે.

સ્પેનિશ આરોગ્ય સત્તાવાળાઓનું કહેવું છે કે, 'એમવી હોન્ડિયસ' જહાજમાંથી સૌ પ્રથમ સ્પેનિશ નાગરિકો રવાના થયા હતા. આ જહાજ થોડા કલાકો પહેલા જ ટેનેરીફના કિનારે આવી પહોંચ્યું હતું અને હાલ ત્યાં જ લંગર નાખેલું છે. મેડ્રિડ પહોંચ્યા પછી તેઓને ક્વોરેન્ટાઈન કરવામાં આવશે. માત્ર સ્પેનિશ નાગરિકો જ આ દેશમાં ક્વોરેન્ટાઈન થશે. યુએસ, યુકે અને નેધરલેન્ડ તેમના નાગરિકોને બહાર કાઢવા માટે વિમાનો મોકલી રહ્યા છે. જહાજ પર સવાર અમેરિકનોને નેબ્રાસ્કાના મેડિકલ સેન્ટરમાં ક્વોરેન્ટાઈન કરવામાં આવશે. ડચ વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ડચ ચાર્ટર ફ્લાઈટમાં ડચ નાગરિકો અને અન્ય રાષ્ટ્રીયતાના લોકો સહિત ૨૯ લોકો હશે. ફ્રાન્સના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે પાંચ ફ્રેન્ચ મુસાફરોને રવિવારે સ્વદેશ મોકલવામાં આવશે અને તેમને ૭૨ કલાક સુધી દેખરેખ માટે હોસ્પિટલમાં રાખવામાં આવશે.

સ્પેનનું આરોગ્ય મંત્રાલય, વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) અને ક્રૂઝ કંપની ઓશનવાઈડ એક્સપિડિશન્સે જણાવ્યું હતું કે, હોન્ડિયસ પર સવાર ૧૪૦થી વધુ લોકોમાંથી કોઈનામાં પણ વાયરસના લક્ષણો દેખાઈ રહ્યા નથી. અન્ય દેશોના મુસાફરો અને ક્રૂ સભ્યોને રવિવારથી સોમવાર દરમિયાન બહાર કાઢવામાં આવશે. જહાજ પર ૨૦થી વધુ વિવિધ દેશોના લોકો સવાર છે. સ્થળાંતર પ્રક્રિયા દરમિયાન ટેનેરીફમાં ગ્રેનાડિલા બંદર પર ઉતરનારા મુસાફરો અને કામ કરતા કર્મચારીઓએ ફેસ માસ્ક, હેઝમેટ સૂટ અને રેસ્પિરેટર સહિતના સુરક્ષા સાધનો પહેર્યા હતા. આ ક્રૂઝ શિપ ૬ મેના રોજ કેપ વર્ડેથી નીકળ્યા બાદ રવિવારે વહેલી સવારે ટેનેરીફ પહોંચ્યું હતું. આ ફાટી નીકળેલા રોગચાળાને કારણે અત્યાર સુધીમાં ત્રણ લોકોના મોત થયા છે અને જહાજ છોડનારા પાંચ મુસાફરો હન્ટાવાયરસથી સંક્રમિત છે, જે જીવલેણ બીમારીનું કારણ બની શકે છે.

### WHOના વડા પોતે આ કામગીરી પર દેખરેખ રાખી રહ્યા છે

જહાજમાંથી ઉતરનારા દરેક વ્યક્તિના લક્ષણોની તપાસ કરવામાં આવશે, અને એકવાર તેમને ગંતવ્ય સ્થાને લઈ જવા માટે ઈવેક્યુએશન ફ્લાઈટ્સ તૈયાર થઈ જાય પછી જ તેમને જહાજમાંથી ઉતારવામાં આવશે. સ્પેનના આરોગ્ય મંત્રી મોનિકા ગાર્સિયાએ જણાવ્યું હતું કે, સમગ્ર કામગીરી સામાન્ય રીતે ચાલી રહી છે. WHOના ડાયરેક્ટર-જનરલ ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયેસસ, સ્પેનના આરોગ્ય અને ગૃહ મંત્રીઓ સાથે પશ્ચિમ આફ્રિકાના કિનારે આવેલા સ્પેનના કેનરી આઈલેન્ડ્સમાં સૌથી મોટા ટાપુ ટેનેરીફમાં આ કામગીરીનું નિરીક્ષણ કરી રહ્યા છે. સત્તાવાળાઓએ જણાવ્યું છે કે જે મુસાફરો અને ક્રૂ સભ્યો ઉતરશે તેઓ સ્થાનિક વસ્તી સાથે સંપર્ક કરશે નહીં. મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ તેમનો સામાન પાછળ છોડી રહ્યા છે, અને તેમને માત્ર જરૂરી વસ્તુઓ, સેલફોન, ચાર્જર અને દસ્તાવેજો ધરાવતી નાની બેગ લેવાની મંજૂરી છે. સ્પેનિશ સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે કેટલાક ક્રૂ સભ્યો અને જહાજ પર મૃત્યુ પામેલા એક મુસાફરનો મૃતદેહ જહાજ પર જ રહેશે, જે રોટરડેમ, નેધરલેન્ડ જશે જ્યાં તેને જંતુમુક્ત કરવામાં આવશે. ક્રૂઝ કંપનીએ જણાવ્યું હતું કે રોટરડેમ સુધી પહોંચવામાં અંદાજે પાંચ દિવસનો સમય લાગશે.

### રોગચાળાનો ભય નથી: WHOના વડાની ટેનેરિફ ટાપુના લોકોને ધરપત

ટેનેરીફ (સ્પેન), ૧૦ મે (AP): વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન(WHO) ના વડાએ સ્પેનિશ ટાપુના રહેવાસીઓને ધરપત આપવાનો પ્રયાસ કર્યો હતો, જ્યાં હંટાવાયરસથી અસરગ્રસ્ત ક્રૂઝ શિપના મુસાફરોને બહાર કાઢવાની કામગીરી હાથ ધરાઇ છે. તેમણે રહેવાસીઓને સીધો સંદેશ આપતા જણાવ્યું હતું કે આ વાયરસ બીજો કોવિડ નથી. ડચ ધ્વજ ધરાવતું 'એમવી હોન્ડિયસ', જેમાં ૧૪૦ થી વધુ મુસાફરો અને ક્રૂ મેમ્બરો સવાર છે, તે પશ્ચિમ આફ્રિકાના કિનારે આવેલા સ્પેનના કેનરી ટાપુઓ તરફ આગળ વધી રહ્યું હતુ અને રવિવારે વહેલી સવારે ટેનેરીફ ટાપુ પર પહોંચે તેવી ધારણા હતી. બાદમાં મળેલા અહેવાલ પ્રમાણે આ જહાજ ટેનેરિફ પહોંચી ચુક્યું છે. WHOના ડાયરેક્ટર જનરલ ટેડ્રોસ અધાનોમ ઘેબ્રેયેસસ, સ્પેનના આરોગ્ય મંત્રી મોનિકા ગાર્સિયા અને ગૃહ મંત્રી ફર્નાન્ડો ગ્રાન્ડે-માર્લાસ્કા સાથે શનિવારે ટાપુ પર પહોંચ્યા હતા, જેથી મુસાફરો અને કેટલાક ક્રૂ મેમ્બરોને જહાજમાંથી ઉતારવાની પ્રક્રિયાનું સંકલન કરી શકાય.


સાવલીમાં પ્રવેશની ઉત્તમ તક
BCA BACHELOR OF COMPUTER APPLICATIONS
SALIENT FEATURES
• Mobile Application Development • Cyber Security • Cloud Computing • Big Data Analytics
લાયકાતઃ ધો.૧૨ (Arts • Commerce • Science) વડોદરાથી બસ સુવિધા/હોસ્ટેલ સુવિધા
K. J. INSTITUTE OF ENGG. & TECHNOLOGY
KJIT કેમ્પસ (એન્જિનિયરીંગ કૉલેજ કેમ્પસ), ITI સામે, સાવલી, જી.વડોદરા.
M.: 8980314190 • Phone: (02667) 222264 • www.kjit.org


# ખોટા કાર્યો કરતી કંપનીના પ્રમાણિક કર્મચારીઓને નૈતિક ઈજા થઈ શકે છે

**કાર્યસ્થળે** ખોટું કરવાના દબાણ અંગેના માનસશાસ્ત્રીય અભ્યાસમાં બહાર આવેલા કેટલાક મહત્વના તારણો

લંડન, તા. ૧૦ : ફેબ્રુઆરી ૨૦૨૩માં જ્યારે તુર્કી અને સીરિયામાં ભૂકંપ આવ્યો, ત્યારે ૫૦,૦૦૦થી વધુ લોકો માર્યા ગયા અને હજારો લોકો ઘાયલ થયા હતા.

આ દુર્ઘટનાના એક મહિના પછી, ઈસ્તંબુલમાં એફે ડેમીર નામના બેંક કર્મચારીએ આત્મહત્યા કરી લીધી. તેમના મૃત્યુ પહેલા, તેમણે સાથી કર્મચારીઓને એક ઈમેલ મોકલ્યો હતો જેમાં તેમણે તેમના નોકરીદાતાના કાર્યો અને હેતુઓ પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે તેમને એવું લાગતું હતું કે સંસ્થા દુર્ઘટનાનો ભોગ બનેલા ગ્રાહકોની સંભાળ રાખવાને બદલે નફાને વધુ પ્રાથમિકતા આપી રહી છે. બેંકે આ આરોપોને સખત રીતે નકારી કાઢ્યા હતા, પરંતુ ડેમીરનો આ આરોપ એક વ્યાપક અને અદ્રશ્ય સમસ્યા પર પ્રકાશ પાડે છેઃ કેવી રીતે કોર્પોરેટ અભિગમ, ખાસ કરીને કટોકટીના સમયે, કર્મચારીઓને માનસિક નુકસાન પહોંચાડી શકે છે.

ક્યારેક આને નૈતિક ઈજા અથવા નૈતિક પીડા તરીકે ઓળખવામાં આવે છે. આમાં અવારનવાર એવી હતાશાની લાગણીઓનો સમાવેશ થાય છે જે ત્યારે ઉદ્ભવે છે જ્યારે કામદારોને માત્ર નફાના હિતમાં કામ કરવાની ફરજ પાડવામાં આવે છે. કામ અને માનસિક સ્વાસ્થ્યના નિષ્ણાત મનોચિકિત્સક ક્રિસ્ટોફ ડેજોર્સે દલીલ કરી છે કે, કામની જટિલતાઓ માટે કર્મચારીઓએ નૈતિક દ્વિધાઓમાંથી પસાર થતી વખતે સતત ભાવનાત્મક અને જ્ઞાનાત્મક શક્તિ ખર્ચવી પડે છે. આ નૈતિક મૂંઝવણો કંપનીના પર્યાવરણીય રેકોર્ડ વિશે હોઈ શકે છે અથવા લશ્કરી સંઘર્ષમાં સામેલ દેશ સાથે કંપનીના સંબંધો વિશે હોઈ શકે છે. નૈતિક ઈજા માત્ર કર્મચારીઓએ જે કરવાનું હોય છે તેમાંથી જ નથી ઉદ્ભવતી; તે તીવ્ર એકલતાના સ્વરૂપમાં પણ હોઈ શકે છે જ્યારે કર્મચારીને લાગે કે કંપની જે કરી રહી છે તે ખોટું છે, પરંતુ તેના વિશે કોઈ કંઈ કરી રહ્યું નથી. અંતે, નૈતિક ઈજા એક ઊંડા સંકટમાં ફેરવાઈ શકે છે, જેનું સૌથી દુખદ પરિણામ કાર્યસ્થળે આત્મહત્યા તરીકે જોવા મળે છે.

# કર્ણાટકના મંત્રી ડી. સુધાકરનું અવસાન

**આયોજન** અને આંકડા વિભાગના આ મંત્રી બે મહિનાથી ફેફસાના ચેપ સામે ઝઝૂમી રહ્યા હતા

**અનેક** મહાનુભાવોએ આપેલી શ્રદ્ધાંજલિ



બેંગલુરુ, તા. 10(PTI): કર્ણાટકના મંત્રી ડી. સુધાકરનું લાંબી માંદગી બાદ રવિવારે વહેલી સવારે નિધન થયું છે, એમ એક મેડિકલ બુલેટિનમાં જણાવવામાં આવ્યું હતું. તેઓ 66 વર્ષના હતા. આયોજન અને આંકડાશાસ્ત્ર મંત્રીએ અહીંની 'કૃષ્ણા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ'માં અંતિમ શ્વાસ લીધા હતા. તેઓ છેલ્લા બે મહિનાથી ફેફસાના ચેપ માટે સારવાર લઈ રહ્યા હતા. કૃષ્ણા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સના મેડિકલ ડાયરેક્ટર ડૉ. આર. ચિન્નાદુરાઈએ બુલેટિનમાં જણાવ્યું હતું કે, માનનીય મંત્રી શ્રી સુધાકર ડી, ઉંમર 66 વર્ષ, ને 10.05.2026 ના રોજ વહેલી સવારે 3.15 વાગ્યે ઈલેક્ટ્રોનિક સિટી સ્થિત કૃષ્ણા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સમાં મૃત જાહેર કરવામાં આવ્યા હતા.


GSFC UNIVERSITY
GSFC UNIVERSITY EDUCATION RE-ENVISIONED
ADMISSIONS OPEN (2026-27)



SOT SCHOOL OF TECHNOLOGY
B.Tech.
• Chemical Engineering
• Computer Science & Engineering (Specialization in Data Science, AI & Machine Learning | IoT & Automation | Cyber Security)
• Fire & Environment, Health,Safety Engineering
• Electronics & Communication Engineering New (Specialization in VLSI Design & Technology | Information and Communication Technology (ICT)
B.C.A
• Bachelor of Computer Applications (B.C.A)
M.Tech. New
• Computer Science & Engineering
Ph.D
• Computer Science & Engineering
Post Graduate Diploma in
• Industrial Safety

SOS SCHOOL OF SCIENCE
B.Sc. (Hons.)
• Biotechnology • Microbiology
B.Sc. - M.Sc. (Integrated) New
• Chemistry (Specialization in Organic Chemistry | Analytical Chemistry, along with Minor Degree in AI | Data Science | Project Management)
• Data Science
Ph.D (Full Time / Part Time)
• Chemistry • Biotechnology • Microbiology • Mathematics
M.Sc.
• Chemistry • Biotechnology • Microbiology • Data Science
BS-MS New
• Pharmaceutical Science

SOM&E SCHOOL OF MANAGEMENT & ENTREPRENEURSHIP
B.B.A.
• B.B.A. (Business Analytics)
• B.B.A. (HR | Marketing | Finance)
M.B.A.
• M.B.A. (Specialization in HR | Marketing | Finance | Business Analytics | Entrepreneurship & Family Business)
BBA - MBA (Integrated) New
• AI in Business
Ph.D
• Management

Anviksha, Fertilizernagar, Vadodara
For More Information on Admissions:
0265-3093740, +91 7573002444, +91 7573002838, +91 7573002939, +91 7573002757
For more Information Scan QR Code


## પાકિસ્તાનના ઉત્તર-પશ્ચિમમાં આતંકવાદી હુમલામાં 15 સુરક્ષાકર્મીઓનાં મોત

પેશાવર, તા. 10 (PTI): પાકિસ્તાનના અશાંત ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં એક પોલીસ પોસ્ટ પર થયેલા આત્મઘાતી અને ઓચિંતા હુમલામાં ઓછામાં ઓછા 15 સુરક્ષા અધિકારીઓ માર્યા ગયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે. એમ પોલીસે જણાવ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના શનિવારે ઉત્તર-પશ્ચિમ જિલ્લા બન્નૂમાં બની હતી, જ્યાં પોલીસ પોસ્ટ તરફ આવી રહેલા વિસ્ફોટકોથી ભરેલા વાહન પર સુરક્ષાકર્મીઓએ ગોળીબાર કર્યો હતો, જેના કારણે જોરદાર વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટની અસર એટલી પ્રચંડ હતી કે આસપાસના અનેક ઘરોની છત તૂટી પડી હતી. પોલીસ પોસ્ટની ઈમારત પણ જમીનદોસ્ત થઈ ગઈ હતી અને કેટલાય સુરક્ષાકર્મીઓ કાટમાળ નીચે દબાઈ ગયા હતા. પોલીસે જણાવ્યું કે, વિસ્ફોટ બાદ આતંકવાદીઓના એક મોટા જૂથે પોલીસ પોસ્ટ પર હુમલો કર્યો હતો, જેના કારણે બંને પક્ષો વચ્ચે ભારે ગોળીબાર થયો હતો. બન્નૂ પોલીસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, આ હુમલામાં 15 સુરક્ષાકર્મીઓનાં મોત થયાં છે અને અનેક લોકો ઘાયલ થયા છે.

# ઈરાન યુદ્ધ વિરામ ફરી કસોટીએ: કતારના કિનારે જહાજ પર ડ્રોન હુમલો

**ડ્રોન** પડતા માલવાહક જહાજ પર આગ લાગી ગઇ, ડ્રોન કોણે છોડ્યું હતું તે અસ્પષ્ટ

**કુવૈતની** સીમામાં પણ કેટલાક ડ્રોન પ્રવેશ્યા, જાનહાનિ કે ઇજાના અહેવાલ નહીં

**તનાવ** વચ્ચે ચાલુ રહેલા શાંતિ માટેના રાજદ્વારી પ્રયાસો

દુબઈ, તા. 10(AP): ઈરાન યુદ્ધમાં ચાલી રહેલા અસ્થિર યુદ્ધવિરામની રવિવારે ફરી એકવાર કસોટી થઈ હતી. સત્તાવાળાઓએ જણાવ્યું કે વહેલી સવારે અજ્ઞાત મૂળના ડ્રોન દ્વારા કતારના કિનારે એક માલવાહક જહાજમાં આગ લગાડવામાં આવી હતી અને અન્ય ડ્રોન કુવૈતના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશ્યા હતા.

કતાર અને કુવૈતે જણાવ્યું હતું કે આ હુમલાઓમાં કોઈ જાનહાનિના સમાચાર નથી. આ ઘટનાઓ એક મહિના જૂના યુદ્ધવિરામ માટે નવું જોખમ લઈને આવી છે, જે અંગે ટ્રમ્પ વહીવટીતંત્રનું કહેવું છે કે તે હજુ પણ અમલમાં છે. લડાઈમાં આ વિરામ અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો છે, જેમાં ઈરાને વૈશ્વિક તેલ પુરવઠા માટે મહત્વપૂર્ણ ગણાતી હોર્મુઝની સામુદ્રધુનીમાં અવરજવર મર્યાદિત કરી દીધી છે અને અમેરિકાએ ઈરાની બંદરોની નાકેબંધી કરી છે.

વોશિંગ્ટન અત્યારે યુદ્ધનો અંત લાવવા, જળમાર્ગને ફરીથી ખોલવા અને ઈરાનના પરમાણુ કાર્યક્રમને મર્યાદિત કરવા માટેના નવા પ્રસ્તાવ પર ઈરાનના જવાબની રાહ જોઈ રહ્યું છે. વાટાઘાટોમાં મુખ્ય અવરોધ ઈરાનનો અત્યંત સંવર્ધિત યુરેનિયમનો જથ્થો છે. યુએન પરમાણુ એજન્સીના જણાવ્યા મુજબ, ઈરાન પાસે 440 કિલોગ્રામ (970 પાઉન્ડ)થી વધુ યુરેનિયમ છે જે 60 ટકા શુદ્ધતા સુધી સંવર્ધિત છે, જે હથિયાર બનાવવા માટે જરૂરી સ્તરથી માત્ર એક નાનું તકનીકી ડગલું દૂર છે. ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સીના ડાયરેક્ટર જનરલ રાફેલ મારિયાનો ગ્રોસીએ ગયા મહિને એસોસિએટેડ પ્રેસને જણાવ્યું હતું કે ઈરાનનો મોટાભાગનો સંતૃપ્ત યુરેનિયમનો જથ્થો સંભવતઃ હજુ પણ તેના ઈસ્ફાહાન પરમાણુ સંકુલમાં છે. ગયા વર્ષના 12 દિવસના યુદ્ધમાં ઈસ્ફાહાન ફેસિલિટી પર અમેરિકી-ઈઝરાયેલ દ્વારા ભારે બોમ્બમારો કરવામાં આવ્યો હતો અને આ વર્ષના યુદ્ધમાં પણ ત્યાં હુમલા થયા હતા.

રવિવારના નૌકાદળના હુમલા અંગે કતારના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે અબુ ધાબીથી દક્ષિણ બંદર તરફ આવી રહેલા એક વ્યાપારી જહાજને ડ્રોન દ્વારા નિશાન બનાવવામાં આવ્યું હતું, જેના કારણે લાગેલી નાની આગને ઓલવી દેવામાં આવી હતી. યુનાઈટેડ કિંગડમ મેરીટાઈમ ટ્રેડ ઓપરેશન્સ સેન્ટરે જણાવ્યું કે આ હુમલો કતારની રાજધાની દોહાથી 23 નોટિકલ માઈલ (43 કિલોમીટર) ઉત્તર-પૂર્વમાં થયો હતો. જહાજના માલિક કે તેના મૂળ વિશે કોઈ વિગતો આપવામાં આવી નથી અને હજુ સુધી કોઈએ હુમલાની જવાબદારી સ્વીકારી નથી.

છેલ્લા એક અઠવાડિયામાં પર્શિયન ગલ્ફમાં જહાજો પર અનેક હુમલા થયા છે. શુક્રવારે, અમેરિકાએ બે ઈરાની તેલ ટેન્કરો પર હુમલો કર્યો હતો અને દાવો કર્યો હતો કે આ જહાજો ઈરાનના બંદરો પર લાદવામાં આવેલી નાકેબંધી તોડવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ નેવીએ રવિવારે ફરીથી ચેતવણી આપી હતી કે ઈરાની તેલ ટેન્કરો અથવા વ્યાપારી જહાજો પરના કોઈપણ હુમલાનો જવાબ આ પ્રદેશમાં આવેલા અમેરિકી બેઝ અને દુશ્મન જહાજો પર ભારે હુમલા દ્વારા આપવામાં આવશે. યુદ્ધવિરામ દરમિયાન પાકિસ્તાન મધ્યસ્થી કરવાનું ચાલુ રાખી રહ્યું છે. પાકિસ્તાનના વડાપ્રધાન શેહબાઝ શરીફે રવિવારે જણાવ્યું હતું કે તેમને કતારના વડાપ્રધાન શેખ મોહમ્મદ અલ થાનીનો ફોન આવ્યો હતો, જેમાં બંને નેતાઓએ પ્રાદેશિક પરિસ્થિતિ પર ચર્ચા કરી હતી અને શાંતિ પ્રયાસોની સમીક્ષા કરી હતી. શરીફે X (ટ્વિટર) પર લખ્યું કે બંને દેશો ભાઈચારાના સંબંધો ધરાવે છે અને તેઓ પાકિસ્તાનની આગામી કતાર મુલાકાતની રાહ જોઈ રહ્યા છે.